# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૩ તા.૨૬-૯-૨૦૧૯

***<u>તાકિદનું - આચારસંહિતા પેટા ચૂંટણી</u>***

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૫૦-અમરાઈવાડી વિધાનસભા તથા વોર્ડ નં.૩૫-બહેરામપુરા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૧૯ અન્વયે આદર્શ આચારસંહિતાના અમલ સંદર્ભે વેબસાઈટ ઉપરથી પેટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધવારી નોંધાવનાર મંત્રીશ્રી, સંદેશાઓ/રાજકીય પદાધિકારીશ્રીઓની તસ્વીરો / અથવા તેમના સંદર્ભે ટાંકી મુકેલ રાજય સરકારની વિવિધ યોજનાઓની સિદ્ધિની આલેખ, આંકડાકીય માહિતી વગેરે પ્રચારાત્મક વિગતો દૂર કરવા બાબત.

સંદર્ભ :- (૧) ક્રમાંક : પરચ-૧૩૨૦૧૪-૪૩૦-વ.૨ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૩-૯-૧૯નો પત્ર

(૨) ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૫૪૨૭-૫૪૯૪ તા.૨૬-૯-૧૯નો પત્ર

(૩) ક્રમાંક : બીવાયઈ/૪૫૧૯/૩૩૨૫/છ સેલ તા.૨૨-૯-૧૯નો પત્ર.

(૪) અત્રેની કચેરીનો પરિપત્ર નં.૬૨-A તા.૨૪-૯-૨૦૧૯

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ચીફ ઈલેકટ્રોલ ઓફિસરના તા.૨૨-૯-૧૯ના પત્ર ક્રમાંક બીવાયઈ/૪૫૧૯/૩૩૨૫/છ સેલ તેમજ પરિપત્ર ક્રમાંક બીવાયઈ/ ૧૦૧૯/૧૭૦૬/છ (MCC)ની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ છે. જેનો ચીવટપૂર્વક અભ્યાસ કરી આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા-કરાવવાનો રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર ૧-૨-૩

તા.૨૬-૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક-પરચ-૧૩૨૦૧૪-૪૩૦-વ.૨

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા.૨૩/૦૯/૨૦૧૯

પ્રતિ

(૧) સર્વે સેકશન અધિકારીશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૪) કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને શાળાઓ,બ્લોક નં ૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) પ્રોજેક્ટ નિયામકશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેક્ટર નં ૧૭, ગાંધીનગર

(૮) સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડસેક્ટર નં ૧૦બી ગાંધીનગર

(૯) નિયામકશ્રી,ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ સેક્ટર ૧૦/એ ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક ૧૨ ગાંધીનગર

(૧૧) સચિવશ્રી ગુજરાત પરિક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન,નવરંગપુરા,અમદાવાદ

(૧૩) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૧૪) નિયામકશ્રી એન.સી.સી.હનુમાન કેમ્પ,કેન્ટોનમેન્ટ એરીયા અમદાવાદ

વિષયઃ- આદર્શ આચાર સંહિતાના અમલ સંદર્ભે વેબસાઈટ ઉપરથી પેટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધવારી નોંધવાનાર મંત્રીશ્રી સંદેશાઓ/રાજકીય પદાધિકારીશ્રીઓની તસ્વીરો/અથવા તેમના સંદર્ભે ટાંકી મૂકેલ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની સિદ્ધિની આલેખ, આંકડાકીય માહિતી વગેરે પ્રચારત્મક વિગતો દુર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે ચીફ ઈલેક્ટોરલ ઓફીસરના તા.૨૨-૦૯-૨૦૧૯ના પત્રક્રમાંકઃ- બીવાયઈ/૪૫૧૯/૩૩૨૫/છ સેલ તેમજ તા.૨૧/૦૯/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંકઃ બીવાયઈ/૧૦૧૯/૧૭૦૬/છ (MCC) ની નકલ બિડાણ સહિત આ સાથે જાણ તેમજ નિયમોનુંસારની જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

બિડાણઃઉપ મુજબ

1694

Hod Draft.

ક્રમાંક-પરચ-૧૩૨૦૧૪-૪૩૦-વ.૨
ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૩/૦૯/૨૦૧૯

પ્રતિ

(૧) સર્વે સેકશન અધિકારીશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૪) કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને શાળાઓ,બ્લોક નં ૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૭) પ્રોજેક્ટ નિયામકશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેક્ટર નં ૧૭, ગાંધીનગર
(૮) સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડસેક્ટર નં ૧૦બી ગાંધીનગર
(૯) નિયામકશ્રી,ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ સેક્ટર ૧૦/એ ગાંધીનગર
(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક ૧૨ ગાંધીનગર
(૧૧) સચિવશ્રી ગુજરાત પરિક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર
(૧૨) નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન,નવરંગપુરા,અમદાવાદ
(૧૩) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૧૪) નિયામકશ્રી એન.સી.સી.હનુમાન કેમ્પ,કેન્ટોનમેન્ટ એરીયા અમદાવાદ

વિષયઃ- આદર્શ આચાર સંહિતાના અમલ સંદર્ભે વેબસાઈટ ઉપરથી પેટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધવારી નોંધવાનાર મંત્રીશ્રી સંદેશાઓ/રાજકીય પદાધિકારીશ્રીઓની તસ્વીરો/અથવા તેમના સંદર્ભે ટાંકી મૂકેલ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની સિદ્ધિની આલેખ, આંકડાકીય માહિતી વગેરે પ્રચારત્મક વિગતો દૂર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે ચીફ ઈલેક્ટોરલ ઓફીસરના તા.૨૨-૦૯-૨૦૧૯ના પત્રક્રમાંકઃ- બીવાયઈ/૪૫૧૯/૩૩૨૫/છ સેલ તેમજ તા.૨૧/૦૯/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંકઃ બીવાયઈ/૧૦૧૯/૧૭૦૬/છ (MCC) ની નકલ બિડાણ સહિત આ સાથે જાણ તેમજ નિયમોનુંસારની જરુરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

---

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૫૪૯૩-૫૪૯૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૨૬/૦૯/૨૦૧૯

આદર્શ આચાર સંહિતાના અમલ અન્વયે શિક્ષણ વિભાગના ઉક્ત તા. ૨૩/૦૯/૨૦૧૯ ના પત્ર સાથે સામેલ ચીફ ઇલેક્ટ્રોરલ ઓફીસરના તા. ૨૨/૦૯/૨૦૧૯ ના પત્ર મુજબ લાગુ પડતા જિલ્લાઓમા અમલવારી કરવા તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ . . .

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાનાઃ-**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**
- શ્રી બી.વી.રાઠવા, ઉપસચિવશ્રી, વ.૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

Phone : 07[illegible]1
079-23250456

Fax No. : 079-23250324
079-23250319

**ELECTION IMMEDIATE**

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

**ક્રમાંક–બીવાયઈ/૪૫૧૯/૩૩૨૫/છ સેલ** **તા.૨૨–૦૯–૨૦૧૯**

**પ્રતિ,**

અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,

સચિવાલયના સર્વે વિભાગો,

**વિષય :–** આદર્શ આચાર સંહિતાના અમલ સંદર્ભે વેબસાઈટ ઉપરથી પેટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધવારી નોંધવાનાર મંત્રીશ્રી સંદેશાઓ/રાજકીય પદાધિકારીશ્રીઓની તસ્વીરો/અથવા તેમના સંદર્ભે ટાંકી મૂકેલ રાજય સરકારની વિવિધ યોજનાઓની સિદ્ધિની આલેખ, આંકાડાકીય માહિતી વગેરે પ્રચારત્મક વિગતો દુર કરવા બાબત.

**શ્રીમાન,**

PS(Edu)

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા **૧૬–રાધનપુર(પાટણ) અને ૩૨–બાયડ(અરવલ્લી) વિધાનસભા મતવિભાગની ખાલી પડેલ બેઠક માટે પેટા ચૂંટણી યોજવાની તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે. જે જાહેરાત થયેથી તાત્કાલિક ઉક્ત બંને જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવે છે.**

JS(Coord)

૨. ઉક્ત પેટા ચૂંટણી દરમ્યાન ચૂંટણી આદર્શ આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે આ સાથે સામેલ ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૨૦/૩/૨૦૧૪ના પત્ર ક્રમાંક:૪૩૭/૬/ આઈએનએસટી/૨૦૧૪-સીસી&બીઈ અને તા.૨૧/૧૧/૨૦૦૭ના પત્ર ક્રમાંક:૪૩૭/૬/ ૨૦૦૭(આઈએનએસટી)-પીએલએન-III થી આપેલ સુચનાનુસાર ઉક્ત તમામ જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોની કચેરીઓની વેબસાઈટ ઉપરથી ઉક્ત પેટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવનાર મંત્રીશ્રી / રાજકીય પદાધિકારીશ્રીઓની તસ્વીરો / સંદેશાઓ અથવા

Phone No. : MCC : 23257086, SVEEP-23255746 Comp. Cell-23257494, Fax : 23257090
Training-23255745 Expenditure-23255742 Budget-23257420

તેમનો સંદર્ભ ટાંકી મૂકેલ રાજય સરકારની વિવિધ યોજનાઓની સિદ્ધિની આંકડાકીય માહિતી, આલેખ વગેરે પ્રચારાત્મક વિગતો દૂર કરવાની રહે છે.

૩. તેવી જ રીતે રાજય સરકારના વિભાગો/ખાતાના વડાઓની વેબ-સાઇટ પર ઉક્ત બંને જિલ્લા સંદર્ભે પેટા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર મંત્રીશ્રી / રાજકીય પદાધિકારીશ્રીઓની તસ્વીર / સંદેશા અથવા તેમનો સંદર્ભ ટાંકી મૂકેલ રાજય સરકારની વિવિધ સિદ્ધિની આંકડાકીય પ્રચારાત્મક માહિતી / તસ્વીરો / ફોટોગ્રાફ / આલેખ વગેરે તાત્કાલિક અસરથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરીને આ બાબતમાં કરેલ કાર્યવાહીનો અહેવાલ ચૂંટણી જાહેર થયેથી ૨૪ કલાકમાં આ વિભાગને ફેક્સ નં : ૦૭૯ ૨૩૨૫૭૦૯૦ તથા **ઇ- મેઇલ** navdev10092@gmail.comપર અચૂક મોકલી આપવાના રહેશે.

આપનો વિશ્વાસુ,

**( અજય ભટ્ટ)**
સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી
મુખ્ય નિર્વાચન અધીકારીની કચેરી,
ગુજરાત

બિડાણ: ઉપર મુજબ

**નકલ જરૂરી કાર્યવાહી અર્થે :**

- નાયબ સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, જી.આઇ.એલ., કર્મયોગી ભવન, ગાંધીનગર

By Spl. Messenger/Speed Post

# ELECTION COMMISSION OF INDIA

NIRVACHAN SADAN, ASHOKA ROAD, NEW DELHI-110001.

No. 437/6/INST/2014-CC&BE

Dated: 20th March 2014

To

1. The Cabinet Secretary to the Govt. of India,
   Rashtrapati Bhawan,
   New Delhi.

2. The Chief Secretaries to the Governments of
   all States and Union Territories

3. The Chief Electoral Officers of
   all States and Union Territories

Sub: **Instructions relating to deletion of all references on politicians/Ministers on the official website during election period of General/Bye-elections to the Lok Sabha and State Legislative Assemblies– reg.**

Sir,

I am directed to state that the Commission vide its letter No. 437/6/2007 (INST)-PLN-III, dated 21st November, 2007, issued instructions to deletion of all references on politicians/Ministers on the official website during election period of General/Bye-elections to the Lok Sabha and State Legislative Assemblies.

It has come to the notice of the Commission that the aforesaid instructions of the Commission are not being followed by Central and State Governments during election period. It is clearly mentioned in clause VII (iv) of Model Code of Conduct for guidance of Political parties and candidate:-

"VII. Party in Power

The party in power whether at the Centre or in the State or States concerned, shall ensure that no cause is given for any complaint that it has used its official position for the purpose of its election campaign and in particular

(iv) Issues of advertisement at the cost of public exchequer in the newspapers and other media and the misuse of official mass media during the election period for partisan coverage of political news and publicity regarding achievements with a view to furthering the prospects of the party in power shall be scrupulously avoided."

The Commission has considered the question of various references currently available in the Ministerial office website and in the State Government websites pertaining to several

Department and Government Organization highlighting their achievements but eulogizing the same as personal achievements of Politicians/Ministers.

The Commission has decided that during the period when Model Code of Conduct is in force in connection with General Election to the Lok Sabha/State Legislative Assemblies currently going on, all references of Ministers, Politicians or Political Parties available on such Central/State Government's official website, shall be removed.

The above instruction of the Commission may kindly be communicated to all concerned for strict compliance.

Yours faithfully,

(K. AJAY KUMAR)
PRINCIPAL SECRETARY

Copy to all Zonal Secretary/Under Secretary/Section of ECI.

By Special messenger/Speed post

# ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi-110001

No.437/6/2007(INST)-PLN-III

Dated : 21st November, 2007

To

1. The Cabinet Secretary, Government of India, Rashtrapati Bhawan, New Delhi.
2. The Chief Secretaries of all States and Union Territories
3. The Chief Electoral Officers of all States and Union Territories

Subject: Instructions relating to deletion of all references on politicians/Ministers on the official website during election period of General / Bye-Elections to the Lok Sabha and State Legislative Assemblies – regarding.

Sir,

I am directed to state that the Commission has considered the question of various references currently available in the State Government websites/Ministerial official websites pertaining to several Department and Govt. Organization highlighting their achievements but eulogizing the same as personal achievements of Politicians / Ministers. The Commission has decided that during the period when model code of conduct is in force in connection with general election to the Lok Sabha /State Legislative Assemblies, all references to Ministers, Politicians or Political Parties available on such State Government /Central Government 's official websites, shall be taken off/ purged of. During bye-elections, these instructions may be confined to only those Politicians/Ministers, etc. who themselves become candidates at such bye- elections.

This may kindly be brought to the notice of all concerned for strict compliance.

Kindly acknowledge receipt.

Yours faithfully,

(K. N. BHAR)
UNDER SECRETARY

Copy to:

The Principal Secretary /Secretaries/Under Secretaries for follow up action.

**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

<u>૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા</u>
<u>વિધાનસભા મતવિભાગની પેટા- ચૂંટણી- ૨૦૧૯.</u>
મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચારસંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.

**સામાન્ય વહીવટ વિભાગ(ચૂંટણી પ્રભાગ)**
પરિપત્ર ક્રમાંક: **બીવાયઈ/૧૦૧૯/૧૭૦૬/છ(MCC)**
સચિવાલય, ગાંધીનગર.
**તા: ૨૧/૦૯/૨૦૧૯**

**<u>વંચાણમાં લીધા:</u>**

(૧) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૫.૧.૧૯૯૬નો પત્રાંક :૪૩૭/૬/૯૬/પીએલએન–૩
(૨) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૭.૧.૧૯૯૬નો પત્રાંક :૪૩૭/૬/૯૬/પીએલએન–૩
(૩) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૫.૭.૧૯૯૯નો પત્રાંક :૪૩૭/૬/૯૯/પીએલએન–૩
(૪) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૫.૧.૨૦૦૨નો પત્રાંક :૪૩૭/૬/૨૦૦૨/પીએલએન–૩
(૫) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૨.૬.૨૦૦૩નો પત્રાંક :૪૩૭/૬/૪/૨૦૦૩/પીએલએન–૩
(૬) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૬.૪.૨૦૦૪નો પત્રાંક :૪૩૭/૬/૩૮/૨૦૦૪/પીએલએન–૩
(૭) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૩૦.૧૨.૨૦૦૪નો પત્રાંક:૪૩૭/૬/૨૦૦૪/પીએલએન–૩
(૮) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧.૪.૨૦૦૬નો પત્રાંક:૪૩૭/૬/૨૦૦૪/પીએલએન–૩/વીઓએલ –૩
(૯) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૭.૧.૨૦૦૭નો પત્રાંક:૪૩૭/આઈએનએસટી/૨૦૦૭/પીએલએન–૩
(૧૦) મુખ્ય નિર્વાચન અધિકારીના તા.૧૩.૧૦.૨૦૦૭નો અ.સ.પત્રાંક:ઈએલસી/૪૫૦૭/છ
(૧૧) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૩.૧૧.૨૦૦૭નો પત્રાંક :૪૩૭/૬/૨૦૦૭/પીએલએન–૩
(૧૨) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨.૩.૨૦૦૯નો પત્રાંક:૪૩૭/૬/૧/૨૦૦૯/સીસી એન્ડ બીઈ
(૧૩) ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૫.૩.૨૦૦૯નો પત્રાંક:૪૩૭/૬/૧/૨૦૦૯/સીસી એન્ડ બીઈ
(૧૪) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૮.૩.૨૦૦૯નો પત્રાંક:૪૬૪/ આઈ એન એસટી/ ૨૦૦૯/ઈપીએસ
(૧૫) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૮.૩.૨૦૦૯નો પત્રાંક:૪૬૪/આઈએનએસટી/૨૦૦૯/ ઈપીએસ
(૧૬) ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૨૪.૩.૨૦૧૧ના પત્રાંક:૪૩૭/ ૬/ આઈએનએસટી/૨૦૧૧/ સીસી એન્ડ બીઈ <u>અને</u> તા.૧.૪.૨૦૧૧ના પત્રાંક :૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૧/સીસી એન્ડ બીઈ
(૧૭) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૭.૪.૨૦૧૧નો પત્રાંક:૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૧/સીસી એન્ડ બીઈ
(૧૮) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૬.૪.૨૦૧૨નો પત્રાંક:૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૨/સીસી એન્ડ બીઈ
(૧૯) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૫.૬.૨૦૧૩નો પત્રાંક:૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૩/ સીસી એન્ડ બીઈ


Phone No.: MCC : 23257086, SVEEP-23255746 Comp. Cell-23257494, Fax : 23257090
Training-23255745 Expenditure-23255742 Budget-23257420

(૨૦) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૧.૧૦.૨૦૧૩નો પત્રાંક:૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૩/સીસીએન્ડ બીઈ

(૨૧) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૬.૮.૨૦૧૪નો પત્રાંક:૪૩૭/૬/૧/૨૦૧૪/સીસી એન્ડ બીઈ.

(૨૨) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૨૯.૦૬.૨૦૧૭નો પત્રાંક:૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૬/સીસીએસ.

(૨૩) ચૂંટણી આયોગ, નવી દિલ્હીનો તા.૧૮.૦૧.૨૦૧૮નો પત્રાંક:437/6/MISC/ECI/LET/FUNCT/MCC/ 2017

## <u>પરિપત્ર :–</u>

ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા <u>૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા</u> વિધાનસભા મતવિભાગોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી **તા.૨૧/૧૦/૨૦૧૯** ના રોજ યોજવાની **<u>તા.૨૧/૦૯/૨૦૧૯</u>** ના રોજ જાહેરાત કરવામાં આવેલી છે. આથી આ પેટા ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટેની આદર્શ આચારસંહિતા **<u>તા.૨૧/૦૯/૨૦૧૯</u>** ના રોજથી કેટલીક બાબતો માટે જે તે **વિધાનસભા મતવિભાગમાં** જ અમલમાં આવે છે. જયારે કેટલીક બાબતો માટે વિધાનસભા મતવિભાગ જયાં સ્થિત છે તે સમગ્ર **જિલ્લા**ના ભૌગોલિક વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે કરવાનો રહે છે, જે સરકારશ્રીના જુદા જુદા વિભાગો/ખાતાઓને સ્પર્શે છે. આથી આ પેટા ચૂંટણી દરમ્યાન નીચે મુજબની બાબતોનો નીચે જણાવેલ સૂચનાઓ મુજબ ચુસ્તપણે અમલ થાય તે માટે સંબંધિત વિભાગોને જણાવવામાં આવે છે.

૧.૧ ભારતના ચૂંટણી આયોગની તા.૨૬/૪/૨૦૧૨ ની સૂચનાઓ અન્વયે **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાનું અમલીકરણ, કુદરતી આપતિઓના સંજોગોમાં રાહત કાર્યો/બચાવના કામો, <u>દુકાળ/પુર</u> દરમ્યાન પીવાના પાણીના કામો, પાતાળ કુવાના ખોદકામ, ઘાસચારો, કૃષિ સહાય, ખેડૂતોને સબસીડી, નવા વિકાસલક્ષી કામો(શ્રમ આધારિત કે નાણાકીય લાભો), એમ.પી.–એલ.એ.ડી., એમ.એલ.એ અને એમ.એલ.સી.–એલ.એ.ડી હેઠળના કામો, નવા પ્રકલ્પો, કાર્યક્રમો, રાહત કે નાણાકીય ગ્રાન્ટ ફાળવણીની શરૂઆત કે જાહેરાત, ખાનગી મિલકતોનું ડિફેસમેન્ટ કે સરકારી મિલકતનો પ્રચાર માટે ઉપયોગ વગેરે બાબતો** પરત્વેની ભારતના ચૂંટણી આયોગની હાલમાં અમલી સૂચનાઓ આ પેટા ચૂંટણી પ્રસંગ પૂરતી ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિસ્તાર પૂરતી મર્યાદીત રહેશે, જે તે વિધાનસભા મતવિસ્તારના સમગ્ર જિલ્લાને લાગુ પડશે નહી.

૧.૨ **ઉપર્યુકત બાબતો પૈકી કઈ બાબતો ભારતના ચૂંટણી આયોગની પૂર્વ મંજુરીથી હાથ ધરી શકાશે અને કઈ બાબતો આયોગની જાણ હેઠળ હાથ ધરી શકાશે તે અંગે ફકરા નં.૧૫ થી ૧૮ માં વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી છે.** તે જ રીતે ભારતના ચૂંટણી આયોગની તા.૨૧/૧૦/૨૦૧૩ની સૂચનાઓ અન્વયે પેટા ચૂંટણી હેઠળના ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિસ્તાર સિવાયના તે જિલ્લાના બાકીના ભાગમાં વિકાસના કામો કરવામાં કે રાહત કાર્યો કરવામાં આચારસંહિતા બાધારૂપ રહેશે નહી એટલે કે પેટા ચૂંટણી હેઠળના મતવિસ્તાર સિવાયના જિલ્લાના બાકીના ભાગોમાં વિકાસના કામો તથા રાહતના કામો આચારસંહિતા દરમ્યાન પણ ચાલુ રાખી શકાશે. વધુમાં બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાના જે ભાગમાં ચૂંટણી યોજાવાની નથી તે ભાગમાં ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલ હોય (પરિપત્રના ફકરા–૨૩ માં દર્શાવેલ છે) તે સિવાયના અધિકારીઓ/કર્મચારીઓની બદલી બાબતે પણ આચારસંહિતા બાધારૂપ રહેશે નહિ.

૧.૩ અલબત, ભારતના ચુંટણી આયોગની આદર્શ આચાર સંહિતા સંબંધી પ્રવર્તમાન સૂચનાઓ જેવી કે મંત્રીશ્રીઓના પ્રવાસ, વાહનો, સરકારી ખર્ચે જાહેરાત–ઉદઘાટન સમારંભો/સરકારી સમારંભો, સરકારી અતિથિ ગૃહોનો ઉપયોગ, નવી યોજનાની જાહેરાત અને ઉપરના ફકરામાં જણાવ્યા સિવાયની આદર્શ આચારસંહિતા અંગેની અન્ય તમામ પ્રવર્તમાન સૂચનાઓ ઉકત વિધાનસભા મતવિસ્તાર જયાં સ્થિત છે તે સમગ્ર બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ

તથા મહીસાગર જિલ્લાઓને લાગુ પડશે, જે અન્વયે મંત્રીશ્રીઓ અને બીજા સત્તાધિકારીઓ સત્તાધારી પક્ષની તરફેણમાં મતદારો ઉપર વગ વધારે તેવા હેતુસર ઉકત વિધાનસભા મતવિસ્તારમાં :-

(ક) કોઈપણ જાતની પરિયોજના કે યોજનાની(સરકારી અધિકારી/કર્મચારી સિવાય) શિલારોપણ વિધિ કરશે નહી, અથવા ઉદઘાટન/લોકાર્પણ કરી શકશે નહી, અથવા

(ખ) માર્ગો બાંધી આપવા, પીવાના પાણીની સગવડ કરી આપવા વગેરે અંગે કોઈ વચનો આપશે નહીં.

(ગ) સરકારી સેવાઓ કે જાહેર સાહસો વિગેરેમાં કોઈપણ એડહોક(ad-hoc) નિમણૂકો આપી શકશે નહીં.

૨. મંત્રીશ્રીઓ અને બીજા સત્તાધિકારીઓ, સત્તાધારી પક્ષની તરફેણમાં મતદારો પર વગ વધારે તેવા હેતુસર ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિસ્તારમાં :-

(ક) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરશે નહી, અથવા

(ખ) વિવેકાધીન ફંડમાંથી ચુકવણી મંજુર કરશે નહી.

૩. ભારતના ચૂંટણી આયોગની તા.૨૫/૦૬/૨૦૧૩ની સુચનાઓ અન્વયે પેટા ચૂંટણી સંદર્ભે બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતાના અમલ દરમ્યાન પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્ય દિન, નામાંકીત નેતાઓના જન્મદિન, સરકારના વાર્ષિક દિનની ઉજવણી વગેરે પ્રસંગોએ પ્રસંગને અનુરૂપ હોય તેવી સામાન્ય પ્રકારની જાહેરાત પ્રસિદ્ધ કરી શકાશે. પરંતુ જાહેરાતની પ્રસિદ્ધિ તે તારીખ/દિવસ પૂરતી જ મર્યાદીત રહેશે, અન્ય દિવસોએ જાહેરાત પ્રસિદ્ધ થઈ શકશે નહીં. આવી જાહેરાતમાં કોઈ પણ મંત્રીશ્રીઓ કે રાજકીય વ્યકિતઓનો ફોટોગ્રાફ પ્રસિદ્ધ કરી શકાશે નહી. આ ઉપરાંત, જે જિલ્લામાં પેટા ચૂંટણી યોજવાની છે તે જિલ્લાનો ખાસ સંદર્ભ ટાંકી કોઈ જાહેરાત આદર્શ આચાર સંહિતાના સમગ્ર સમયગાળા દરમ્યાન પ્રસિદ્ધ થઈ શકશે નહી.

૪. કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ તેમજ બોર્ડ/નિગમ/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ ચૂંટણીઓ જાહેર થયાની **તા.૨૧/૦૯/૨૦૧૯** થી ચૂંટણીઓ પૂરી થતાં સુધી ઉકત જિલ્લાની કચેરી કામ (Official work) અર્થે મુલાકાત લઈ શકશે નહીં. અપવાદરૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તૂટી પડે કે કુદરતી આપત્તિને લીધે કોઈ કટોકટી ઉપસ્થિત થાય તો માત્ર તેવા પ્રસંગોએ સંબંધિત ખાતાના મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી પરિસ્થિતિ ઉપર નિયંત્રણ રાખવા કે રાહત કાર્યો ઉપર દેખરેખ રાખવા પ્રવાસ કરે તો તે આચારસંહિતાનો ભંગ ગણાશે નહી. (રાહત કાર્યો અંગેની વિગતવાર સ્પષ્ટતાઓ ફકરા નં.૧૫ માં કરવામાં આવી છે.)

૪.૧ કેન્દ્ર કે રાજય સરકારના તમામ મંત્રીશ્રીઓ પેટા ચૂંટણીની જાહેરાત વખતે બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના પ્રવાસે હોય તો તેઓએ પ્રવાસ સમાપ્ત કરીને મુખ્ય મથકે પરત આવી જવાનું રહેશે. આચાર સંહિતા અમલમાં હોય તે દરમિયાન આ જિલ્લાઓની મંત્રીશ્રીની તમામ અને કોઈપણ મુલાકાત સંપૂર્ણ અંગત મુલાકાત ગણાશે.

૪.૨ કેન્દ્રના મંત્રીશ્રીઓને તેમના મુખ્ય મથક(Head Quarter) ખાતેથી કચેરી કામ અર્થે રાજય/પેટા ચૂંટણી હેઠળના જિલ્લાની મુલાકાત લેવી જાહેર હિતમાં અનિવાર્ય જણાય ત્યારે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગના સચિવશ્રી/ મંત્રાલય ધ્વારા રાજયના મુખ્ય સચિવશ્રીને ઉપર મુજબની ખાતરી કરાવતો પત્ર પાઠવવાનો રહેશે તેમજ આ પત્રની નકલ ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીને અચૂકપણે મોકલવાની રહેશે. આ પ્રકારના પત્ર મળ્યેથી રાજયના મુખ્ય સચિવશ્રી મંત્રીશ્રીના પ્રવાસ દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવનાર નથી તેની ખાતરી કરશે તેમજ કેન્દ્રના મંત્રીશ્રીઓને સરકારી વાહન અને નિવાસ ઈત્યાદિ રાજકીય શિષ્ટાચાર(Protocol) મુજબની સવલતો આપશે. મુખ્ય સચિવશ્રીએ રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીને તેની આગોતરી જાણ કરવાની રહેશે. કેન્દ્ર સરકારના મંત્રી/મંત્રીશ્રીઓએ તેમણે ઉપર્યુકત વિધાનસભા મતવિસ્તારો પૈકી કોઇ મતવિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવી હોય તો તે વિધાનસભા મતવિભાગની સરકારી ફરજના ભાગરૂપે/કચેરી કામ અર્થે મુલાકાત લેવાનું નિવારવું જોઈશે.

૪.૩ ચૂંટણી કામે પ્રવાસમાં આવતા કેન્દ્ર સરકારના કે અન્ય રાજયના મંત્રીશ્રીઓ અને બિનસરકારી પદાધિકારીઓ વગેરેને **<u>રાજયના અતિથિ</u>** ગણી શકાશે નહી. જો, તેઓને સરકારી અતિથિ ગૃહોમાં રહેવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હશે તો તેઓની પાસે સામાન્ય દરોએ પૂરેપુરી વસુલાત લેવાની રહેશે.

૫. મંત્રીશ્રીઓ કે બિનસરકારી પદાધિકારીઓ બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લા સિવાયના જિલ્લાઓમાં કચેરી કામ અર્થે તેઓના પ્રવાસમાં જતાં હોય અને રસ્તામાં બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લામાંથી પસાર થાય તો ત્યાં રોકાશે નહીં અને કોઈપણ જાતની રાજકીય કાર્યવાહી હાથ ધરશે નહીં. મંત્રીશ્રીઓ કે બિનસરકારી પદાધિકારીઓ અન્ય જિલ્લામાં કચેરી કામ અર્થે જતા હોય અને રસ્તામાં બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લામાંથી પસાર થાય અને કોઈ રાજકીય પ્રવૃતિ હાથ ધરે તો તેવા કિસ્સામાં પ્રવાસ અંગેનો સમગ્ર ખર્ચ ''ચૂંટણી ખર્ચ'' તરીકે ગણવામાં આવશે.

૬. કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ વિગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સંબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બીલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફટ, કાર, જીપ, ઓટોમોબાઈલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજય સરકારના જાહેર સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, મહાનગર પાલિકાઓ, ખરીદ વેચાણ સંઘો, મહાસંઘો , સહકારી સોસાયટીઓ, જીલ્લા–તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાંનો જરા પણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓના વાહનોનો ચૂંટણી પ્રચાર માટે બીલકુલ ઉપયોગ કરી શકાશે નહીં.

૭. મંત્રીશ્રીઓ કે બિનસરકારી પદાધિકારીઓ ચૂંટણી સંબંધી પ્રવાસમાં હોય ત્યારે ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે મીટીગ કરી શકશે નહીં તેમજ તેઓને ગાંધીનગર સહિત અન્ય કોઈ સ્થળે બેઠક માટે બોલાવી શકશે નહીં. ૦૮-થરાદ, ૨૦-ખેરાલુ, ૫૦-અમરાઇવાડી તથા ૧૨૨-લુણાવાડા વિધાનસભા મતવિસ્તારના સંદર્ભમાં ચૂંટણી પ્રચાર અર્થે મંત્રીશ્રીની અંગત મુલાકાત વખતે જો કોઈપણ અધિકારી /કર્મચારી મંત્રીશ્રીને મળશે તો તે અધિકારી/કર્મચારી તેઓના સંબધિત શિસ્ત અને સેવા વિષયક નિયમો હેઠળ દોષિત ગણાશે અને જો તે અધિકારી/કર્મચારી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૨૯(૧)માં દર્શાવ્યા છે તે પૈકીના (દરેક અધિકારી, કલાર્ક, એજન્ટ અથવા બીજી વ્યકિત કે જેઓ ચૂંટણીમાં મતદાન અને મતગણતરી સંબંધી કોઈપણ કામગીરી બજાવે છે એ પૈકીના) હશે તો તેઓએ શિસ્ત નિયમનો ભંગ કર્યો ગણાશે, ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ની ઉપર્યુકત કલમની જોગવાઈનો ભંગ કરેલો માનવામાં આવશે અને તે હેઠળ નિયત કાર્યવાહીને પાત્ર થશે.

૮. મંત્રીશ્રીઓ કે બિનસરકારી પદાધિકારીઓ ચૂંટણી પ્રવાસમાં જાય ત્યારે સરકારી કર્મચારીઓને તેમની સાથે લઈ જઈ શકશે નહીં.

૮.૧ આદર્શ આચાર સંહિતાના અમલના સમયગાળા દરમિયાન રાજયો/કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ તેમની વ્યકિતગત/અંગત મુલાકાત સમયે તેમના અંગત સ્ટાફ પૈકીના એક બિનરાજયપત્રિત અધિકારીને સાથે રાખી શકશે. આ બિનરાજયપત્રિત અધિકારી કોઈ રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહીં અગર મુખ્ય મંત્રીશ્રીને તેમના રાજકીય કામકાજમાં મદદ કરી શકશે નહી. આદર્શ આચાર સંહિતાના અમલ દરમિયાન ભારતના પ્રધાનમંત્રીશ્રી/ભારત સરકારના મંત્રીશ્રીઓ તેમની વ્યકિતગત/અંગત મુલાકાત સમયે અંગત સ્ટાફ લઈ જવા અંગેના નિયંત્રણ અંગેની સૂચનાઓ ભારતના પ્રધાનમંત્રીશ્રીને લાગુ પડશે નહિ.

૯. મંત્રીશ્રીઓ કે બિનસરકારી પદાધિકારીઓને તેઓના પ્રવાસ વખતે રાજય વહીવટી તંત્રે સશસ્ત્ર ગાર્ડ રાખવાની જરૂરી હોય તેવી સલામતી વ્યવસ્થા મંજુર કરી હોય તો પણ મંત્રીશ્રી તેઓની બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર

જિલ્લાની અંગત મુલાકાત વખતે જેનાથી મંત્રીશ્રીની હાજરીની જાણ થાય તેવી કોઈપણ પાઈલોટ કાર કે કોઈપણ રંગની બીકન લાઈટ સાથેની કાર અથવા કોઈ પણ સાયરન લગાવેલી કારનો ઉપયોગ કરી શકશે નહીં.

૧૦. ઉક્ત જિલ્લાઓની મંત્રીશ્રીઓની સૂચિત મુલાકાતની જાણ જે-તે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને અગાઉથી કરવાની રહેશે.

૧૧. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાના મેદાન વગેરે જેવા જાહેર સ્થળોનો ચૂંટણી સભાઓ યોજવા માટે તેમજ ચૂંટણીની બાબતમાં હવાઈ ઉડ્ડયન માટે હેલીપેડનો ઉપયોગ કરવામાં સત્તાધારી પક્ષ એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં. સત્તાધારી પક્ષ જે શરતોએ તેનો ઉપયોગ કરતો હોય એ જ શરતોએ અન્ય પક્ષો અને ઉમેદવારોને આવા સ્થળો અને સવલતોનો ઉપયોગ કરવા દેશે.

૧૨. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાના વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે. પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (કે તેની સાથે જોડાયેલ આંગણું) નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ(Casual Meeting) ને પણ મંજુરી આપી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા–લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/ અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ આ માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખી શકાશે નહીં. કોઈ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતાં કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૃં થવાના ૪૮ કલાક પહેલાં વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં. વધુમાં જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ, ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે, રાજકીય પદાધિકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઈ પણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકશે નહીં.

૧૩. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં પેટા ચૂંટણી દરમ્યાન રાજય સરકાર ધ્વારા સંપૂર્ણ અથવા આંશિક નાણાંકીય સહાય મેળવતી કોઈપણ નાણાંકીય સંસ્થાએ તે જિલ્લાના સંદર્ભમાં કોઈપણ વ્યકિત કે કંપનીને આપેલી લોન આચાર સંહીતાનો અમલ કરવાના સમયગાળા દરમ્યાન માંડવાળ કરી શકાશે નહીં. તે જ રીતે આવી નાણાંકીય સંસ્થાઓએ લોન આપવાની રકમની જે મર્યાદા નકકી કરી છે તે મર્યાદા આચાર સંહીતાનો અમલ કરવાના સમયગાળા દરમ્યાન વધારી શકાશે નહીં.

૧૩(અ) ઉક્ત જિલ્લાઓમાં પેટા ચૂંટણી દરમ્યાન સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોના અને સિધ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો ધ્વારા સરકારી ખર્ચે/જાહેર નાણા ધ્વારા ન કરવામાં આવે તેમજ સરકારી માધ્યમનો દુરુપયોગ ન થાય તે જોવાનું રહેશે.

૧૩(બ) ઉક્ત જિલ્લાઓમાં પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યવસાયિક શિક્ષણ આપતા સંકુલો/ મકાનો/સ્થળોનો ઉપયોગ **સામાન્ય સંજોગોમાં** કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર/ ટેકેદારો/મંત્રીશ્રી ધ્વારા રાજકીય પ્રવૃતિ માટે થઈ શકે નહીં. અલબત, રાજયમાં ચૂંટણી પ્રચારના હેતુ માટે મેદાનો ઉપલબ્ધ ન હોવાથી શાળા અને કોલેજોના મેદાનોનો ઉપયોગ કરવા માટે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમયપત્રકને કોઈ પણ સંજોગોમાં અસર થવી જોઈએ નહીં.

(૨) શાળા કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફિસરની અગાઉથી મંજૂરી લીધી હોવી જોઈએ.

(૩) આવી મંજૂરી વહેલા તે પહેલાંના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈ પણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.

(૪) શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટેની ફાળવણીમાં કોઈ અનિયમિતતાને ચૂંટણી પંચ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબ ડીવીઝનલ ઓફિસરની રહેશે.

(૫) રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈ પણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

૧૩(ક) રાજય સરકારની ઉક્ત જિલ્લાઓની જિલ્લા/તાલુકા કચેરીઓ/ ત્રિસ્તરીય પંચાયતોની કચેરીઓની વેબસાઈટ ઉપરથી ઉક્ત પેટા ચુંટણી માટે ઉમેદવાર નોંધાવનાર મંત્રીશ્રી/રાજકીય પદાધિકારીઓની તસ્વીરો/સંદેશાઓ/રાજય સરકારની વિવિધ યોજનાઓની સિધ્ધિની આંકડાકીય માહિતી આલેખ વગેરે પ્રચારાત્મક વિગતો, ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી ધ્વારા પેટા ચૂંટણી યોજવાની જાહેરાત **તા.૨૧/૦૯/૨૦૧૯ના** રોજ કરવામાં આવેલી હોઈ આજ રોજ **તા.૨૧/૦૯/૨૦૧૯** થી દૂર કરવાની રહેશે. તદુપરાંત, રાજય સરકારના વિભાગો/ખાતાના વડાની વેબસાઈટસ પર ઉક્ત જિલ્લાઓ સંદર્ભે રાજય સરકારની વિવિધ સિધ્ધિની આંકડાકીય પ્રચારાત્મક માહિતી/તસ્વીરો/ફોટોગ્રાફ, આલેખ વગેરે હશે તો તેને તાત્કાલિક દુર કરવાની રહેશે. અલબત, મહાત્મા ગાંધી, ભારતના હાલના રાષ્ટ્રપતિ અને રાજયના રાજયપાલશ્રીના ચિત્રો સરકારી મકાનો/ જાહેર મકાનોમાં પ્રદર્શિત કરવાનું ચાલુ રાખી શકાશે.

૧૩(ડ) ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી ધ્વારા વિધાનસભાની ઉકત પેટા ચૂંટણી યોજવા અંગે તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ જાહેરાત કરવામાં આવેલી હોઈ આજરોજ તા. ૨૧/૦૯/૨૦૧૯ થી બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ સાથે ચૂંટણી પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી મુખ્યમંત્રીશ્રી/ મંત્રીશ્રી/ સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ સરકારની યોજનાઓના અમલ/પ્રગતિની સમીક્ષા કરવા બાબતે વિડીયો કોન્ફરન્સ યોજી શકશે નહી.

૧૪. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં પેટા ચૂંટણી દરમ્યાન મતદારો પર પ્રભાવ પાડે તેવી કોઈપણ પરિયોજના/યોજના, રાહતો કે અન્ય નીતિવિષયક બાબતો રાજય સરકાર કે સત્તાધિકારી પક્ષ જાહેર કરી શકશે નહીં.

૧૫. <u>રાહત કાર્યો :-</u>

માનવ સર્જિત અગર કુદરતી આપતિના સમયે હાથ ધરવાની રાહત કામગીરી પરત્વે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી ધ્વારા માનવીય અભિગમ અપનાવવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબની બાબતોનો અમલ પેટા ચૂંટણી હેઠળના સમગ્ર જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબ ચાલુ રાખી શકાશે.

(૧) માનવ સર્જિત અગર કુદરતી આપતિના પ્રસંગે ચૂંટણી આયોગની જાણ હેઠળ પ્રવર્તમાન દરોએ સીધેસીધી અસરગ્રસ્તોને ઉચ્ચક સહાય આપી શકાશે, પરંતુ, આવા પ્રસંગોએ ઉચ્ચક સહાય આપવાના પ્રવર્તમાન દરોમાં ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી સિવાય ફેરફાર કરી શકાશે નહી.

(૨) મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી તબીબી સારવાર માટે દર્દીઓને વ્યકિતગત સીધી ચુકવણી કરવાના બદલે હોસ્પિટલને ચુકવણી કરવામાં ચૂંટણી પંચની મંજૂરી મેળવવી આવશયક નથી.

(૩) કુદરતી આપતિમાં અસરગ્રસ્તોની મુશ્કેલી હળવી કરવાના હેતુસર જરૂરી રાહત કાર્યો અને પગલાંઓ ચૂંટણી આયોગની જાણ હેઠળ હાથ ધરી શકાશે.

(૪) આમ છતાં, કુદરતી આપતિની સંભવિત અસરો નિવારવા માટેના જરૂરી નવા કામો જેવા કે બંધોના અને કેનાલોની મરામતના જરૂરી નવા કામો માત્ર ચૂંટણી પંચ,નવી દિલ્હીની પૂર્વ મંજૂરીથી હાથ ધરી શકાશે.

(૫) કોઈ પણ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત/ પૂર ગ્રસ્ત કે આવી કુદરતી આફતોના અસરગ્રસ્ત વિસ્તાર તરીકે ચુંટણી પંચ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય જાહેર કરી શકાશે નહીં. ચૂંટણી યોજવાના પૂર્વે જાહેર કરેલ કુદરતી આપતિગ્રસ્ત વિસ્તારો ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વે મંજુરી સિવાય વિસ્તારી શકાશે નહી.

(૬) એ જ રીતે પ્રધાનમંત્રી રાહતફંડ અથવા મુખ્યમંત્રી રાહતફંડમાંથી ચોકકસ વ્યકિતઓના જૂથોને પસંદ કરીને સહાય ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય આપી શકાશે નહી.

૧૬. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં જયાં પેટા ચૂંટણી યોજાવાની છે તે ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિસ્તારમાં આદર્શ આચારસંહિતા દરમ્યાન નીચે દર્શાવેલા નવા કામો (લાભાર્થી કે કામ લક્ષી) કે જેમાં નીચે દર્શાવેલી શરતો પરિપૂર્ણ થતી હોય તો તેવા કામો ચુંટણી પંચની જાણ હેઠળ હાથ ધરી શકાશે. :–

(૧) ગ્રાંટની સપૂર્ણ જોગવાઈ કરવામાં આવેલી હોય.

(૨) વહીવટી, તાંત્રિક અને નાણાકીય મંજૂરીઓ મેળવવામાં આવેલી હોય.

(૩) ટેન્ડરો બહાર પાડવામાં આવેલ હોય, મૂલ્યાંકન કરવામાં આવેલ હોય અને આખરી કરવામાં આવેલ હોય.

(૪) કરાર આધારિત કામ ચોકકસ સમય મર્યાદામાં શરૂ કરવા અને પૂર્ણ કરવા અંગે કરારમાં સ્પષ્ટ જવાબદારી નકકી થયેલ હોય અને તેમ ન કરવામાં આવે તો કરારદારને દંડ કરવાની જોગવાઈ કરારમાં હોય.

(૫) ઉપર્યુકત ક્રમાંક–(૧) થી (૪)માં દર્શાવેલ તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા કિસ્સામાં જ ચૂંટણી પંચની જાણ હેઠળ તેટલા નવા કામો હાથ ધરી શકાશે, અન્યથા ચૂંટણી પંચની અનુમતિ મેળવવાની રહેશે.

૧૭. <u>કામો અને પ્રવૃતિઓઃ–</u>

બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં **જયાં** પેટા ચૂંટણી યોજાવાની છે તે ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા **વિધાનસભા મતવિસ્તાર**માં આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન નીચે દર્શાવેલા કામો અને પ્રવૃતિઓ હાથ ધરવા માટે ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી આવશ્યક છે.:–

(૧) વિવેકાધીન ગ્રાંટમાંથી હાથ ધરવાના કોઈ પણ પ્રકારના નવા કામો અને યોજનાઓ હાથ ધરી શકાશે નહી. આ સંદર્ભમાં વિવેકાધીન ગ્રાંટ અન્વયે બજેટમાં સમાવવામાં આવેલ હોય અને જેના માટે કોઈ યોજનાઓ આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ હોય તેના પહેલાં મંજૂર કરવામાં આવેલ ન હોય કે નકકી કરવામાં આવેલ ન હોય તેનો પણ સમાવેશ થાય છે.

(૨) જાહેર સાહસોને પુર્નજીવિત કે સરકાર હસ્તક લેવાની દરખાસ્ત (કે આના જેવા કોઈ નીતિ વિષયક નિર્ણયો) પરત્વે નિર્ણય લઈ શકાશે નહી.

(૩) હયાત યોજના/પરિયોજનાઓ, કાર્યક્રમોના અમલનો વિસ્તાર લંબાવી શકાશે નહીં કે વિસ્તારી શકાશે નહી.

(૪) સરકાર ધ્વારા કોઈ પણ વ્યકિત, સાહસો તેમ જ સંસ્થાઓને જમીન ફાળવી શકાશે નહી.

(૫) જેમાં સરકાર પક્ષકાર હોય તેવા સમજૂતી કરાર(MOU) કે સંમતિ કરાર કરી શકાશે નહી.

૧૮. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન નીચે દર્શાવેલા કાર્યાન્વિત(existing) કામો અને પ્રવૃતિઓ હાથ ધરવા માટે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની મંજૂરી આવશ્યક નથી અને તેની જાણ ચૂંટણી આયોગ, નવી દિલ્હીને કરવાની આવશ્યકતા રહેતી નથી :–

(૧) તમામ પ્રકારની આવશ્યક મંજૂરીઓ મેળવ્યા બાદ ખરેખર શરૂ કરવામાં આવેલા કામો અને યોજનાઓ.

(૨) આદર્શ આચાર સંહિતાનો અમલમાં આવ્યા પહેલા શરૂ કરવામાં આવેલી યોજનાઓ કે જેમાં ચોકકસ હિતાધિકારીઓ/ લાભાર્થીઓ નામ સહિત નકકી કરવામાં આવેલા હોય.

(૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં નોંધાયેલા લાભાર્થીઓને હયાત યોજના હેઠળ આવરી લઈ શકાશે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળના નવી યોજના કે જે કાયદાની જોગવાઈ હેઠળ ફરજિયાત હોય તેવા કામો કે જેના લાભાર્થીઓ નોંધાયેલા હોય અને પ્રોજેકટ અગાઉથી મંજૂર કરવામાં આવેલો હોય અને તેના માટેની બજેટ જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવેલી હોય તેવા પ્રોજેકટો હાથ ધરી શકાશે.

૧૯. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં કોઈ પણ કામો (રાહત કામો સહિત) શરૂ કરતી સમયે કે વિકાસ પ્રવૃતિઓ કરતી સમયે કોઈ પણ જાતના ઔપચારિક સમારંભો કે જેમાં રાજકીય મહાનુભાવો હોય તેવા સમારંભો રાખી શકાશે નહિ. સ્થાપિત પ્રણાલિકા અનુસાર મુલ્કી અધિકારીઓની ન્યુનતમ હાજરીમાં સામાન્ય સમારંભો ન્યુનતમ પ્રસિધ્ધિ થાય તે રીતે યોજી શકાશે.

૨૦. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના સંદર્ભમાં નિયત કાર્યપદ્ધતિનું પાલન કરવામાં આવેલ હોય અને નાણા વિભાગની અનુમતિ મેળવવામાં આવેલી હોય તેવા કોઈ પણ કામના પૂરા થયેલા ભાગ માટે ગ્રાંટ ફાળવવામાં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહી.

૨૧. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં પેટા ચૂંટણી હેઠળના ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા **વિધાનસભા મતવિસ્તાર**માં જે કિસ્સાઓમાં વૈશ્વિક ટેન્ડરો અગાઉથી બહાર પાડવામાં આવેલા હોય અને તેની સમય મર્યાદા સુનિશ્ચિત કરી હોય તેવા કિસ્સામાં આ ટેન્ડરોનું મૂલ્યાંકન (Evaluation) અને આખરીકરણની કાર્યવાહી હાથ ધરી શકાશે. આ સિવાયના(વૈશ્વિક ટેન્ડરો સિવાયના) ટેન્ડરોના કિસ્સામાં અગાઉ બહાર પાડવામાં આવેલા હોય તો તેનું મૂલ્યાંકન થઈ શકશે, પરંતુ ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય આખરી કરી શકાશે નહી. જો ટેન્ડરો બહાર પાડવામાં આવેલા ન હોય તો ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય બહાર પાડવા નહી.

૨૨. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં કેન્દ્રીય જાહેર સેવા આયોગ, રાજય જાહેર સેવા આયોગ કે સ્ટાફ સિલેકશન કમિશન કે અન્ય સંવૈધાનિક સ્વરૂપની સંસ્થાઓ મારફત નિયમિત નિમણૂક/બઢતી આપી શકાશે. આ સિવાયની વૈધાનિક સંસ્થાઓ દ્વારા ભરતી કરવા અગર બઢતી આપવાના પ્રસંગોએ ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીની પૂર્વ મંજૂરી મેળવી લેવી આવશ્યક બની રહે છે.

૨૩. આ પેટા ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલ નીચે દર્શાવેલ અધિકારીઓ/કર્મચારીઓની તા.૨૧/૦૯/૨૦૧૯ થી ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી પુરી થતાં સુધીના સમયગાળા દરમ્યાન બદલીઓ કરી શકાશે નહીં. જે કર્મચારીઓની બદલીના હુકમો તા.૨૧/૦૯/૨૦૧૯ પહેલાં થયેલ હોય પરંતુ તેનો અમલ થયો ન હોય તેવા કિસ્સામાં પણ આવી બદલીનો અમલ મોકુફ રાખવાનો રહેશે.:–

(૧) કલેકટર, બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર.

(૨) ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ.

(૩) ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં કાર્યક્ષેત્ર ધરાવતા બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના મહેસૂલી ખાતાના નાયબ કલેકટર કે તેથી ઉપરના અધિકારીઓ અને આ જિલ્લાના તાલુકાઓમાં કામ કરતાં મહેસૂલ ખાતાના અધિકારીઓ.

(૪) ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં કાર્યક્ષેત્ર ધરાવતા બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ અને તે જિલ્લાના તાલુકાઓમાં કામ કરતાં તાલુકા/જિલ્લા પંચાયતના અધિકારીઓ.

(૫) ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં કાર્યક્ષેત્ર ધરાવતા બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે સંકળાયેલ સંબધિત રેન્જના પોલીસ મહા નિરીક્ષક/નાયબ પોલીસ મહા નિરીક્ષક, પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઈન્સ્પેકટરો અને પોલીસ સ્ટેશનના ચાર્જમાં રહેલ પોલીસ અધિકારીઓ તેમજ તેમની હેઠળનો સ્ટાફ.

ચૂંટણી આયોગ, નવી દિલ્હીની સૂચનાનુસાર વતનના જિલ્લા અગર **તા.૩૧/૧૨/૨૦૧૯** ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં ત્રણ વર્ષથી વધુ **સમયથી** બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં ફરજ બજાવતાં હોય અને ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા ની પેટા ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓના કિસ્સામાં મુખ્ય નિર્વાચન અધિકારીની અનુમતિ મેળવીને જે વિભાગો ધ્વારા બદલીના હુકમો કરવામાં આવે ત્યારે અત્રેથી આપેલી અનુમતિનો હુકમોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. આ રીતે કરવામાં આવેલા હુકમોનો તાત્કાલીક અમલ કરવાનો રહેશે. આ અંગેનું માર્ગદર્શન મેળવવા માટે વિભાગોએ અત્રે રજૂઆત કરવાની રહેશે નહીં.

૨૪. આ પેટા ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે તેમજ પેટા ચૂંટણીનું સંચાલન સરળ બને તે હેતુ ધ્યાનમાં લઈને બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના સરકારી અધિકારીઓ/કર્મચારીઓ જેઓ સીધી રીતે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા નથી તેઓની પણ બદલી કરવામાં આવે કે તેઓ રજા ઉપર જાય તો મતદાન મથકોએ નિમવાના કર્મચારીઓ મેળવવામાં અત્યંત અસુવિધા ઉભી થવાની શકયતા રહેલી છે. આથી, સચિવાલયના બધા જ વિભાગોને વિનંતી કરવામાં આવે છે કે, બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓના જે વિસ્તારમાં પેટાચૂંટણી યોજાવાની છે તે વિસ્તારમાં સમાવિષ્ટ રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ પેટા ચૂંટણી દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના કર્મચારીઓ/ અધિકારીઓની રજા મંજુર કરે નહી. બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર જિલ્લાઓમાં આ પેટા ચૂંટણીના સમયગાળા દરમિયાન સરકારી અધિકારીઓ/ કર્મચારીઓની બદલી પણ કરી શકાશે નહી. અનિવાર્ય સંજોગોમાં આવી બદલીઓ કરવી જરૂરી બને તેવા પ્રસંગોએ જિલ્લા કક્ષાએ સત્તા પહોંચતી હોય તે કિસ્સામાં કલેકટરશ્રી તેમજ રાજયકક્ષાએ સત્તા પહોંચતી હોય તે કિસ્સામા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ બદલી કરવામાં આવે કે રજા મંજુર કરવામાં આવે તે જોવા આથી જણાવવામાં આવે છે.

૨૫. ઉપર્યુકત પેટા ચૂંટણીના અનુસંધાને અમલમાં આવેલી આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે સચિવાલયના વિભાગો મારફત દરખાસ્ત કરવામાં આવે ત્યારે તે દરખાસ્ત વિભાગના વડા(અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી)ની સહીથી જ કરવાની રહેશે. ખાતાના વડાઓએ તેમના વિભાગ મારફત જ દરખાસ્ત અત્રે રજૂ કરવાની રહેશે. કોઈ પણ ખાતાના વડા બારોબાર મુખ્ય નિર્વાચન અધિકારી કચેરીને દરખાસ્ત ન કરે તેવી તાકીદ કરવા સચિવાલયના સર્વે વિભાગોને જણાવવામાં આવે છે. આ પરિપત્ર સાથે સામેલ ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતો ભરીને આવશ્યક જણાય તેવા

કિસ્સાઓમાં વિભાગના વડા(અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી)ની ભલામણ સાથે જ દરખાસ્ત કરવાની રહેશે. જે દરખાસ્ત સંદર્ભે ભારતના ચૂંટણી આયોગની મંજૂરી મેળવવી આવશ્યક હોય તેવી દરખાસ્તો વિભાગના સ્પષ્ટ અભિપ્રાય સાથે તથા વ્યાજબીપણાનાં કારણો દર્શાવતી નોંધ(Justification Note) સાથે અંગ્રેજીમાં MS Wordમાં હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપીમાં અચૂક મોકલવાની રહેશે, અન્યથા દરખાસ્ત વિભાગને પરત કરવામાં આવશે.

૨૬. ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની વેબ સાઈટનું સરનામું **www.eci.gov.in** છે. આ વેબ સાઈટ પર ઉક્ત પેટા ચૂંટણીના અનુસંધાને પ્રેસ નોટ અને આચાર સંહિતા અંગેની મુળ સૂચનાઓ અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. આથી, આ અંગે જો કોઈ વધુ વિગતોની આવશ્યકતા હોય કે સૂચનાઓના અર્થઘટનનો પ્રશન ઉપસ્થિત થાય ત્યારે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની મૂળ અંગ્રેજી સૂચનાઓ આખરી ગણાશે. આ સૂચનાઓનું સર્વે સંબંધિતોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૭. આ સૂચનાનો અમલ **તા.૨૧/૦૯/૨૦૧૯** થી આદર્શ આચાર સંહિતાનો અમલ સમાપ્ત થયેલ છે તેમ જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી કરવાનો રહે છે.

૨૮. આ સૂચનાઓ માન.મુખ્યમંત્રીશ્રી, માન.મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી/ અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૨૯. સચિવાલયના વિભાગોને ઉપર્યુક્ત સુચનાઓ તેઓની હેઠળના ખાતા /કચેરી તેમજ બોર્ડ, નિગમ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મુકવા વિનંતી કરવામાં આવે છે.

(ડો.એસ.મુરલી ક્રિષ્ના)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી (માન.મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ).
- સર્વે માન.મંત્રીશ્રીઓ,રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ(માન.મંત્રીશ્રીઓના ધ્યાને મુકવા વિનંતી સહ).
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ તથા મહીસાગર
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ.
- પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા, મહેસાણા તથા મહીસાગર
- ૦૮- થરાદ, ૨૦- ખેરાલુ, ૫૦- અમરાઇવાડી તથા ૧૨૨- લુણાવાડા વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રી અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર(જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ).
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ.
- સર્વે રાજકીય પક્ષો.
- સિલેકટ ફાઈલ.

**૦૮– થરાદ, ૨૦– ખેરાલુ, ૫૦– અમરાઈવાડી તથા ૧૨૨– લુણાવાડા વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીના અનુસંધાને આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે કરવાની દરખાસ્ત સાથે રજૂ કરવાનું ચેક લીસ્ટ**

| ક્રમ | | વિગત | વિભાગ/ખાતાના વડા/કચેરીએ ભરવાની વિગતો |
|---|---|---|---|
| ૧. | | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા કોણે રજૂઆત કરી છે. | |
| ૧.૧ | | વહીવટી વિભાગનું નામ | |
| ૧.૨ | | ખાતાના વડાનું નામ | |
| ૧.૩ | | જિલ્લા/તાલુકા કચેરીનું નામ | |
| ૧.૪ | | વહીવટી વિભાગ સિવાયની કચેરીના કિસ્સામાં ખાતાના વડા/વિભાગ મારફત દરખાસ્ત કરવામાં આવેલી છે કે કેમ ? | |
| ૧.૫ | | ઉપર (૧.૪)માં દર્શાવેલ કચેરીએ કયા કારણસર વિભાગ/ખાતાના વડા મારફત દરખાસ્ત રજૂ કરેલ નથી ? | |
| ૧.૬ | | આ દરખાસ્ત જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવેલી છે. | |
| ૨. | | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે કરવામાં આવેલી દરખાસ્ત કેવા પ્રકારની છે ? સામાન્ય/અસામાન્ય | |
| | | અગ્રતા/ટોચ અગ્રતા | |
| ૨.૧ | | દરખાસ્ત શેને સંબંધિત છે ? | |
| | | **ક. સેવા વિષયક** | |
| | ૧. | બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવું–બઢતી રાજય જાહેર સેવા આયોગ /બંધારણીય સંસ્થા/અન્ય બિન બંધારણીય સંસ્થા મારફત કરવામાં આવે છે. | |
| | ૨. | ફરજ મોકૂફી પર ઉતારવા/ફરજ મોકૂફી પરથી સેવામાં પરત લેવા | |
| | ૩. | બદલી કરવા/બદલીના હુકમનો અમલ અટકાવવા | |
| | ૪. | એડહોક નિમણૂક આપવા | |
| | ૫. | રજા મંજૂર કરવા/રજા પ્રવાસ રાહત મંજૂર કરવા/વતન પ્રવાસ મંજૂર કરવા | |
| | ૬. | ભરતી કરવા માટે મંજૂરી આપવી/ઈન્ટરવ્યુનું આયોજન/કોલ લેટર રવાના કરવા/ભરતીનું પરિણામ બહાર પાડવું | |

| | | | |
|---|---|---|---|
| | | /ભરતીની પ્રક્રિયા હાથ ધરવી/ લશ્કરી ભરતી મેળાનું આયોજન | |
| | ૭. | ફરજિયાત નિવૃત્ત કરવા | |
| | ૮. | તાલીમ કાર્યક્રમ/વિદેશ તાલીમ કાર્યક્રમ | |
| | ૯. | ધાર્મિક હેતુસર પ્રવાસ/હજ કરવા માટે પ્રવાસ મંજૂરી | |
| | ૧૦. | અન્ય | |
| | **ખ.કાર્યક્રમનું આયોજન** | | |
| | ૧. | ઉદઘાટન સમારોહનું આયોજન/સમાપન સમારોહનું આયોજન | |
| | ૨. | રેલી યોજવા | |
| | ૩. | મેળા/કાર્યક્રમોનું આયોજન | |
| | ૪. | પ્રદર્શન યોજવા/પ્રદર્શન સહ વેચાણ હાટ યોજવા | |
| | ૫. | પરિસંવાદ/વર્કશોપનું આયોજન/ઉત્સવોનું આયોજન | |
| | ૬. | પ્રોટોકલ અન્વયે મંત્રી/બોર્ડ નિગમનાં સભ્ય/ પદાધિકારીઓને સ્ટેટ ગેસ્ટ જાહેર કરવા/રાજયના પ્રવાસને મંજૂરી | |
| | ૭. | અન્ય | |
| | **ગ–નાણાકીય** | | |
| | ૧. | ગ્રાન્ટ ફાળવણી | |
| | ૨. | જાહેરાત આપવા | |
| | ૩. | યોજનાકીય ખર્ચને મંજૂરી આપવા | |
| | ૪. | કરરાહતો આપવા/વેરા ઘટાડવા/વેરા વધારવા | |
| | ૫. | ખરીદી કરવા માટેની દરખાસ્ત | |
| | ૬. | આકસ્મિક નિધિમાંથી પેશગી ઉપાડવા બાબત | |
| | ૭. | ગ્રાંટનું એડીશનલ ઓથોરાઈઝેશન | |
| | ૮. | બજેટ અંદાજો મંજૂર કરવા–દાખલ કરવા | |
| | ૯. | વાહનોની ખરીદી | |
| | ૧૦. | અન્ય | |
| | **ઘ–માધ્યમ સંબંધિત** | | |
| | ૧. | હયાત પ્રકાશન ચાલુ રાખવા | |
| | ૨. | પ્રકાશન કરવા | |

| | | | |
|---|---|---|---|
| | ૩. | જાહેરાત આપવા | |
| | ૪. | હોર્ડીંગ લગાવવા | |
| | ૫. | વિજાણુ માધ્યમો/મુદ્રણ માધ્યમોમાં જાહેર ખબર આપવી | |
| | ૬. | અન્ય | |
| **ચ–વિકાસ કામો** | | | |
| | ૧. | કોન્ટ્રેકટ અંગે કરાર કરવા | |
| | ૨. | લેટર ઓફ ઈન્ટેન્ટ બહાર પાડવા | |
| | ૩. | ટેન્ડરો બહાર પાડવા/મૂલ્યાંકન કરવું/આખરી કરવું / આખરી થયેલટેન્ડરના અનુસંધાને કોન્ટ્રેકટર/ઈજારાદારને કામો આપવા/નેગોશિયેશન કરવા | |
| | ૪. | વિકાસ કામો ચાલુ રાખવા | |
| | ૫. | એમઓયુ કરવા | |
| | ૬. | રસ્તા સરફેઈસ કરવા/રી સરફેઈસ કરવા/હયાત રસ્તાઓનું વિસ્તૃતીકરણ | |
| | ૭. | આવશ્યક મરામત કામોને મંજૂરી આપવી | |
| | ૮. | જમીન ફાળવણી/જમીનના બિન ખેતીના ઉપયોગની મંજૂરી આપવા | |
| | ૯. | અન્ય | |
| **છ–કાયદો અને વ્યવસ્થા** | | | |
| | ૧. | ટ્રિબ્યુનલ/પંચમાં સભ્ય/અધ્યક્ષની નિમણૂક | |
| | ૨. | હયાત પંચની મુદતમાં વધારો કરવા | |
| | ૩. | અદાલતોનું ઉદઘાટન | |
| | ૪. | સરકારી વકીલોની નિયુકિત/મુદતમાં વધારો | |
| | ૫. | કેદીને પેરોલ રજા /ફર્લો રજા મંજૂર કરવા બાબત | |
| | ૬. | કરવામાં આવેલ કેસ પરત ખેંચવો | |
| | ૭. | પાસા/અન્ય અટકાયતી કાયદા હેઠળ અટકાયત કરાયેલ કેદીના સંબંધમાં લેવાનો નિર્ણય | |
| **જ– અન્ય** | | | |
| | ૧. | ન્યાયિક ચુકાદાના અનુસંધાને કરવાની થતી અનિવાર્ય કાર્યવાહી જમીન ફાળવણી | |
| | ૨. | રાજય મંત્રીમંડળે લીધેલ નિર્ણય અન્વયે કરવાની કાર્યવાહી | |
| | ૩. | માન.મુખ્ય મંત્રીશ્રી ફંડમાંથી સહાય આપવી | |

| | | | |
|---|---|---|---|
| | ૪. | એવોર્ડ એનાયત કરવા/પારિતોષિકો આપવા | |
| | ૫ | અન્ય | |
| ૨.૨ | બજેટ જોગવાઈ કરવામાં આવેલી છે.?<br>આયોજન બહાર/આયોજન/કેન્દ્ર પુરસ્કૃત યોજના | | |
| ૩. | કોલમ ૨.૧ (ખ) અન્વયે જો કાર્યક્રમનું આયોજન કરવાનું હોય તો નીચેની વિગતો દર્શાવવાની રહેશે. | | |
| | કાર્યક્રમની તારીખ અને સમય –કાર્યક્રમની વિગત | | |
| | કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થા/સંસ્થાઓનું નામ અને અન્ય વિગતો | | |
| | કાર્યક્રમનો દરજ્જો:–સત્તાવાર/બિન સત્તાવાર | | |
| | કાર્યક્રમનું સ્વરૂપ-ઉદઘાટન/સમાપન સમારોહ/વિકાસ કામોનું લોકાર્પણ/અન્ય | | |
| | કાર્યક્રમના આયોજનનો ખર્ચ કોણ ભોગવશે. વિભાગ/ખાતાના વડા/ખાનગી વ્યકિત/સ્વૈચ્છિક સંસ્થા | | |
| | કાર્યક્રમમાં કોણ હાજર રહેશે? અધિકારી/કર્મચારીઓ,<br>રાજકીય નેતાઓ/કાર્યકરો,કંપનીના અધિકારીઓ<br>કાર્યક્રમમાં કુલ કેટલા લોકો હાજર રહેનાર છે. | | |
| ૪. | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત આપવા માટે કરવામાં આવેલી દરખાસ્તને કઈ કક્ષાએ મંજૂરી આપી શકાય તેમ છે?<br>૧.જિલ્લા કક્ષાએ<br>૨. મુખ્ય નિર્વાચન અધિકારી કક્ષાએ<br>૩.ભારતના ચૂંટણી આયોગની કક્ષાએથી | | |
| ૫. | ભારતના ચૂટણી આયોગની મંજૂરી મેળવવાની આવશ્યક હોય તો આયોગને કરવાની દરખાસ્તનો મુસદો અંગ્રેજીમાં (MS Word) માં હાર્ડ કોપી–સોફ્ટ કોપી સાથે રજૂ કરેલ છે ? | | |
| ૬. | **આ દરખાસ્ત ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી મુલત્વી રાખી શકાય તેમ છે કે કેમ ?જો ના તો તેના સ્પષ્ટ કારણો/ દરખાસ્તનું વાજબીપણું અવશ્ય દર્શાવવું.** | | |
| ૭. | ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચાર સંહિતાના અમલની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કાર્યક્રમનું આયોજન થઈ શકે કે કેમ તે અંગે વિભાગનું મંતવ્ય/સ્પષ્ટ કારણો રજૂ કરવા | | |
| ૮. | **આ દરખાસ્ત મંજૂર થવાથી મતદારો પ્રભાવિત થશે કે કેમ?** | | |

**વિભાગના વડાની સહી તથા હોદો**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૩-A તા.૨૬-૯-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- બાળ અધિકારને લગતું રેકોર્ડીંગ તથા પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૫૨૬૧-૫૩૧૫ તા.૨૪-૯-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના સમયગાળામાં દર માસના છેલ્લા ગુરૂવારના રોજ બાળ અધિકાર અંગે બાયસેગના માધ્યમ દ્વારા રેકોર્ડીંગ તથા પ્રસારણ કરાનાર છે. બાળ સ્થાપના દિનની ઉજવણી અંગેનો કાર્યક્રમ તા.૨૮-૯-૧૯ના રોજ થનાર છે. સદરહુ કાર્યક્રમનું પ્રસારણ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ ના સમયગાળા દરમ્યાન થનાર છે, જેનું પ્રસારણ **૫૦- અમરાઈવાડી વિધાનસભા તથા વોર્ડ નં.૩૫ બહેરામપુરા મતવિભાગમાં સમાવિષ્ટ શાળાઓ સિવાયના** તમામ મુખ્ય શિક્ષક તથા આસિ.શિક્ષકોએ નિહાળવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૬-૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૫૨૬૨-૫૩૬૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા.૨૪/૦૯/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- બાળ અધિકારને લાગતું રેકોડીંગ તથા પ્રસારણ કરવા બાબત

**સંદર્ભઃ**- ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ બાઅસં/ પ્રસારણ/૨૦૧૯-૨૦/ તા. ૨૪/૦૯/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ ના સમયગાળામાં દર માસના છેલ્લા ગુરૂવારના રોજ બાળ અધિકારો અંગે માન. ચેરપર્સનશ્રી બાયસેગ દ્વારા રેકોડીંગ તથા પ્રસારણ કરનાર છે. આગામી બાળ સ્થાપના દિન ઉજવણી અંગેનો કાર્યક્રમ તા. ૨૮/૦૯/૨૦૧૯ ના રોજ છે. જે પ્રસારણ ગુજરાતની સરકારી શાળા અને સેકન્ડરી શાળામાં સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ ના સમયગાળામાં થનાર હોઇ આપના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ પ્રસારણ જોવા જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

**બિડાણઃ**- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- સચિવશ્રી, ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, બ્લોક નં. ૧૯/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક:- બાઅસં/પ્રસારણ/૨૦૧૯-૨૦
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ,
બ્લોક નંબર ૧૯, ત્રીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તારીખ:- ૨૪/૯/૨૦૧૯

પ્રતિ,
નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,
બ્લોક નં-૧૨/૧,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:- બાળ અધિકારને લગતું રેકોર્ડીંગ તથા પ્રસારણ કરવા બાબત.

માન.સાહેબશ્રી,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ ના સમયગાળામાં દર માસના છેલ્લા ગુરૂવારના રોજ બાળ અધિકારો અંગે માન.ચેરપર્સનશ્રી બાયસેગના માધ્યમ દ્વારા રેકોર્ડીંગ તથા પ્રસારણ કરનાર છે આગામી બાળ સ્થાપના દિન ઉજવણી અંગેનો કાર્યક્રમ તારીખ-૨૮/૯/૨૦૧૯ના રોજ છે. જે પ્રસારણ ગુજરાતની સરકારી શાળા અને સેકન્ડરી શાળામાં સવારે ૧૧ થી ૧૨ ના સમયગાળામાં થનાર હોઇ આ બાબતનો જરૂરી પરિપત્ર બહાર પાડવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

સચિવ
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ,
ગાંધીનગર.

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૩-B તા.૨૬-૯-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.**

**સંદર્ભ :-ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરીના ઝેડ.એસ.ડી.નં. ૨૫૨ /તા.૨૧-૦૯-૧૯ પત્ર અન્વયે**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,કાંકરિયા પ્રાણી સંગ્રહાલય, અમદાવાદ દ્વારા તા.૦૧-૧૦-૧૯ થી તા.૦૭-૧૦-૧૯ સુધી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ અઠવાડિયા દરમ્યાન શહેરના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર આ અઠવાડિયા દરમ્યાન ૧૨વર્ષની ઉંમર સુધીના બાળકોને દર સોમવાર સિવાય'ઝૂ'માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. જે જાણમાં લઈ શાળાના બાળકો આ લાભ લઈ શકે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

તા. ૨૬-૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી